જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૦/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૨૮ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૩૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૩૫/૨૦૨૬**

વાસણાઃ મોનાબહેન વા/ઓ પરાગભાઈ શાહ (ઉ.વ.૪૩)(રહે.નંદની સ્કાય, પ્રજાપતિ ગાર્ડન સામે, માધવ એપાર્ટમેંટ સામે, વાસણા બસ સ્ટેંન્ડ પાસે વાસણા) એ તા.૨૯/૧૦/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૬ સાંજના ૫/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન મોનાબહેનના મોબાઇલ ફોન ઉપર એક અજાણ્યા મોબાઈલ નંબર 91 7988274454 ઉપરથી કોલ આવેલ કે "હું તમારા પતિને ઓળખુ છુ તેમણે રૂપિયા ૬૦૦૦/– તમારા એકાઉન્ટમાં નાંખવાનુ કહ્યુ છે" તેમ કહેતા મોનાબહેનને એવુ લાગેલ કે તેમના પતિને દવાની દુકાન છે એટલે કોઇનુ બિલ બાકી હશે એટલે પૈસા નાંખવાનુ કહેતા હશે તેમ માની લીધેલ. ત્યારબાદ મોનાબહેનના મોબાઇલ ફોન ઉપર ફરીથી કોલ આવેલ અને કહેલ કે "ભુલથી તમારા ખાતામાં રૂપિયા ૬૦૦૦૦/– ટ્રાન્સફર થઈ ગયેલ છે તો તમે મને બાકીના રૂપિયા ૫૪,૦૦૦/– પરત મોકલી આપો, હું સીવીલ હોસ્પીટલમાં બેઠો છું અને મારે ડોક્ટરને આપવાના છે" તેમ કહેતા મોનાબહેન એ તેના આપેલા નંબર ઉપર રૂપિયા મોકલવાની ટ્રાય કરતા તે કેન્સલ થયેલ ત્યારબાદ ફોન કરનારે કહેલ કે "તમે હવે રૂપિયા ૩૦,૦૦૦/– ફટાફટ મોકલી આપો મારે ડોક્ટરને આપવાના છે" જેથી મોનાબહેનએ તે અજાણી વ્યક્તિને રૂપિયા ૩૦,૦૦૦/– ગુગલ પે થી મોકલી આપેલ ત્યારબાદ મોનાબહેનએ પોતાના બેંક ખાતામાં રૂપિયા આવેલા હોવાનું ચેક કરતા તેઓના ગુગલ પે ની હીસ્ટ્રીમાં કે તેઓના બેંક ખાતામાં રૂપિયા ૬૦,૦૦૦/– નહી આવેલા હોવાની જાણ થતા મોનાબહેનએ તેમના પતિને આ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે "મે કોઇને પૈસા નાખવાનુ કહ્યુ નથી". જે આ અજાણી વ્યક્તિએ મોનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.પટેલ ચલાવે છે.

ખોખરાઃ નિલેશકુમાર જસ્ટીનભાઇ ક્રિસ્ચિયન (ઉ.વ.૪૬)(રહે. મેરીપાર્ક સોસાયાટી, રિપલ એપાર્ટમેંટ પાછળ કોસા સોસાયટી સામે સિયોનનગર મણિનગર પુર્વ ખોખરા) એ તા.૨૯/૧૦/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૮૩૬૯૦૯૩૫૬ તથા વોટસઅપ નંબર મોબાઇલ નંબર +૯૧ ૭૮૩૮૬૬૩૬૮૭ ના ધારક એ AU Small Finance Bank માથી બોલતા હોવાની ખોટી ઓળખ આપી, નિલેશકુમાર નાઓના AU Small Finance Bank ના ક્રેડીટ કાર્ડ ના રિવોર્ડ પોઇન્ટના રૂપિયા ૫,૦૦૦/– વધારી આપવાની લાલચ આપી, નિલેશકુમારના વોટસઅપ ઉપર https://mypointcardreward.com નામની લીંક મોકલી આપી, તે લીંક ઓપન કરાવડાવી તેમા નિલેશકુમારના ક્રેડિટકાર્ડ નંબર તથા એક્સપાયરી ડેટ તથા સીવીવી નંબર તથા ઓટીપી નાંખવાની ઓનલાઇન પ્રોસેસ કરાવી નિલેશકુમારના ક્રેડિટકાર્ડમાંથી કુલ રૂપિયા ૬૭,૮૭૪/– ડેબીટ કરી મેળવી લઇ નિલેશકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.સાવલીયા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ (૧) પાવન સ/ઓ ચેતનભાઇ ચાવડા (ઉ.વ.૨૫)(રહે. મોહીની ટાવર, અતિથી રેસ્ટોરન્ટ પાસે, જીજીસ બંગ્લોઝ રોડ, વસ્ત્રાપુર) એ તા.૨૯/૧૦/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે ઇસ્કોન ચાર રસ્તા પાસે આવેલ શીવાલીક સિલ્પ બીલ્ડીંગ ખાતે આવેલ પોતાની ઓફીસમાં નોકરી ઉપર હાજર હતા ત્યારે તેમના મોબાઇલ ફોન ઉપર અજાણ્યા મોબાઇલ નંબર ૭૦૬૫૧૦૩૧૧૬ ના ધારકે કોલ કરી ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાનું જણાવેલ અને ત્યારબાદ બપોરના ૧/૫૦ વાગે પાવન ચાવડાના મોબાઇલ ફોન ઉપર આવેલ ઓ.ટી.પી. નંબર મેળવી લઇ પાવન ચાવડાના ક્રેડિટ કાર્ડમાંથી ત્રણ અલગ–અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૧,૩૪,૬૬૫/– મેળવી લઇ પાવન ચાવડા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિરભદ્રસિંહ તેજસિંહ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ (૨) વિજયભાઈ કાંતીલાલ સાવલીયા (ઉ.વ.૪૬)(રહે. વંદેમાતરમ સીટી, ગોતા) એ તા.૨૯/૧૦/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૬ થી તા.૨૨/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ એસ.જી.હાઈવે, ગુરુદ્વારાની સામે, ઝોડીયાક સ્કવેર, ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ એરટેલ સ્ટોર ખાતે કસ્ટમર રીપ્રેઝેન્ટેટીવ ઓફીસર તરીકે નોકરી કરતા આરોપી પ્રવેશ વેદપ્રકાશ ગ્રોવર (રહે.પાવન રેસીડંસી, હંસપુરા) નાઓએ એરટેલ સ્ટોર ખાતે આવતા જુદા–જુદા ગ્રાહકોએ જમા કરાવેલ મોબાઈલ/બ્રોડબેંડના બીલ પેમેન્ટ ના રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૯/– કંપનીમાં જમા નહી કરાવી પોતાના અંગત ઉપયોગમા લઈ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

ગુજરાત યુનિવર્સીટીઃ સમીર સ/ઓ વિષ્ણુપંત તરસેકર (ઉ.વ.૫૦)(રહે.પહેલો માળ, શ્રેયા હોમ્સ, સ્વપ્નીલ બિલ્ડીગ પાસે, સર્વોતમનગર સોસાયટી નવરંગપુરા) એ તા.૨૯/૧૦/૨૦૨૬ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી તા.૦૪/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ સમીર તરસેકરના મોબાઇલ ફોન ઉપર eChallan APK નામની લિંક મોકલતા, જે લીંક ઉપર કલીક કરતા સમીર તરસેકર નાઓના કેનેરા બેંકના ખાતામાંથી અલગ–અલગ ટ્રાન્ઝેકશનથી કુલ રૂપિયા ૨,૦૩,૫૮૦/– મેળવી લઈ સમીર તરસેકર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

ક્રાઈમ બ્રાંચઃ ચંદુભાઈ નરસિંહભાઈ પટેલ (ઉ.વ.૬૩)(રહે, તરૂણનગર, વિભાગ–૩, બીજલ પાર્ક પાસે, ગુરૂકુલ રોડ, મેમનગર) એ તા.૨૯/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર/૨૦૨૫ થી આજદીનના સમયગાળા દરમ્યાન ચંદુભાઈ પટેલનો પુત્ર પાર્થ ચંદુભાઈ પટેલ (ઓફિસ નં.૭૧૩, સીટ સેંટર–૨ સોલા રોડ સાયન્સ સીટી) ખાતે મેટલ કોમોડીટીનુ ઈમ્પોર્ટ–એક્ષપોર્ટની આરીત્યા ઈમ્પેક્સ ઓપીસી પ્રા.લી. નામની કંપની ધરાવી વેપાર ધંધો કરે છે. આરોપી ધવલ નરેન્દ્રકુમાર પંચાલ એ પોતાની વિક્ટોરીયા એન્ટરપ્રાઈઝ નામની કંપની (ઓફિસ નં.૪, વાલ્મીકી સ્ટ્રીટ, સેમ્બાકમ, ચેન્નઈ, તમીલનાડુ તથા વિકટોરીયા એન્ટરપ્રાઈઝ ઈન્ક ઓફિસ– ડબલ્યુ, ફેસન્ટ ટ્રેઈલ, માઉન્ટ પ્રોપેક્ટ, આઈ.એલ.–૬૦૦૫૬ યુ.એસ.એ.) નામની કંપનીનો પોતે ઓથોરાઈઝ રીપ્રેઝેન્ટેટીવ એજન્ટ હોવાની ઓળખ આપી, આ કંપની મારફતે ચંદુભાઇ પટેલના પુત્ર પાર્થ પટેલની કંપનીને ઈઝરાઈલ થી એલ્યુમીનીયમ–૬૦૬૩ એક્સટ્રુશન સ્ક્રેપ નો ૫૦ ટન માલ મંગાવી આપવાનુ કહી, સાહેદ– આનંદ દવે પાસેથી માલના એડવાન્સ પેટે રૂપિયા ૬,૦૪,૦૦૦/– અને રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૬,૦૪,૦૦૦/– આરોપી ધવલ પંચાલએ પોતાના કોટક મહિન્દ્રા બેન્ક ખાતામાં મેળવી લઈ, એલ્યુમીનીયમ–૬૦૬૩ એક્સટ્રુશન સ્ક્રેપનો માલ આજદિન સુધી પાર્થ પટેલની કંપનીને નહી આપી કે તેમજ સાહેદ આનંદ દવે પાસેથી એડવાન્સ પેટે મેળવેલ રૂપિયા ૧૬,૦૪,૦૦૦/– પરત નહી કરી ચંદુભાઇના પુત્ર પાર્થ પટેલ તથા તેના મિત્ર આનંદ દવે સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાંચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઈ.શ્રી એમ.ડી.સોલંકી નાઓ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૩૬/૨૦૨૬**

વાડજ: જયશ્રીબહેન વા/ઓ રોહીતકુમાર શ્રીમાળી (ઉ.વ.૨૮) (રહે. શંકરનગર સોસાયટી ગોપી અન્નક્ષેત્રની બાજુમાં નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

સાબરમતીઃ દિપકભાઈ ભવંરસિંહ રાજપુત (ઉ.વ.૨૪) (રહે. બળીયાદેવ મંદીર પાસે કાળીગામ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત શંકરલાલ ચલાવે છે.

વેજલપુરઃ નિશાબહેન વા/ઓ મેહુલભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૨૦૨૬ બપોરના ૦૩/૧૫ વાગ્યા પહેલા વેજલપુર શ્રીનંદનગર વિભાગ–૦૨ ખાતે પોતાના પિતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એ.કે.બાબી ચલાવે છે.

ચાંદખેડાઃ (૧) ચાંદખેડા મોટેરા વિઠ્ઠલ મોલ શ્રીમદ હોટેલ ખાતે રોકાયેલ બંકીમ દેવેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૨૬) (રહે. હવાડાની પોળ તિલક મેદાન પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા હોટલની રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરષોત્તમભાઈ ચલાવે છે.

ચાંદખેડાઃ (૨) નિર્મળાબહેન વા/ઓ અશ્વિનભાઇ પરમાર (ઉ.વ.–૫૦) (રહે. અયોધ્યાનગરી આવાસ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૦/૨૦૨૬ કલાક ૦૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૦/૨૦૨૬ કલાક ૦૯/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી